# <u>ઓનલાઈન વિદ્યાસહાયક ભરતી અરજીપત્રક ભરવા અંગેની માહિતી/સૂચનાઓ</u>

ખાસ નોંધઃ

a) ફોર્મ્સ કોલમ અનુક્રમ નંબર મુજબ જ ભરવું.
b) સ્ક્રીન પર Please Wait... દર્શાવતું હોય તે દરમ્યાન કોઈ એન્ટ્રી કરવી નહીં.
c) એક કરતા વધુ પ્રયત્ને પાસ થયા હોય તો અરજદારે છેલ્લે પાસ કરેલ પરીક્ષાનો બેઠક નંબર અને વર્ષ લખવું.
d) 2001 પહેલા ધો. 12 પાસ કરેલ હોય તેવા દરેક ઉમેદવારે 1.1.2 Year માં other select તમામ વિગતો એન્ટર કરવાની રહેશે.

- જગ્યાની પસંદગી
    a. જે જગ્યા માટે અરજી કરવાની છે તે જગ્યાને સીલેક્ટ કરો.

1) **<u>પરીક્ષાની માહિતી</u>**

1.1.2 - Year ડ્રોપ બોક્ષમાંથી ધો. 12ની પરીક્ષાના વર્ષની પસંદગી કરો, બેઠક નં.માં ધોરણ 12ની માર્કશીટમાં આપેલ બેઠક નંબરનો પહેલો આલ્ફાબેટ ડ્રોપ બોક્ષમાંથી પસંદ કરો, બાજુના ખાનામાં તમારો બેઠક નંબર નાખો અને પછી Get Student Info પર ક્લીક કરો.

1.1.3 બેઠક નંબર પરથી પ્રવાહ જાતે જ નક્કી થશે. જેથી તેની એન્ટ્રી કરવાની રહેતી નથી.

1.1.4 to 1.1.6 <u>બેઠક નંબર પરથી ગુણ તેમજ ટકા આપોઆપ આવી જશે.</u>
બતાવેલ ગુણ માર્કશીટ મુજબ ના હોય તો બાજુમાં આપેલ <u>“માર્કશીટ પ્રમાણે માર્ક"</u>

1.1.7 ડ્રોપ બોક્ષમાંથી કેટલા પ્રયત્ને પરીક્ષા પાસ કરેલ છે તે સીલેક્ટ કરો.

1.1.8 "હા/ના" માં "**ના**" બટન પર ક્લીક કરી તમારી માર્કશીટ મુજબ કુલ ગુણ અને મેળવલ ગુણ લખો. ટકા આપોઆપ ગણાઈ જશે. (સૈધ્ધાંતિક અને પ્રાયોગિક ગુણ સાથે ગણતરી કરવી )

- **Get Students Info** ક્લીક કરતાં આપના બેઠક નંબર ઉપરથી પ્રવાહ, મેળવેલ ગુણ, કુલ ગુણ, ટકા અને આપનું નામ ફોર્મમાં દેખાશે, જે બરાબર તપાસી લો.
- ભુલ જણાય તો આપે આપેલ બેઠક નંબર ચકાસો. બેઠક નંબરમાં ભુલ જણાય તો તે સુધારી ફરીથી **Get Students Info** પર ક્લીક કરો

1.1.9 આપેલ વિવિધ માધ્યમોમાંથી આપનું માધ્યમ પસંદ કરવા માટે માધ્યમની બાજુમાં આપેલ રેડીયો બટન પર ક્લીક કરો.

**(1.2) - શૈક્ષણિક લાયકાત**

1) ડ્રોપ બોક્ષમાંથી પરીક્ષાનું નામ પસંદ કરો,

2) 'ડિગ્રીનું નામ'માં તમારી ડિગ્રીની પસંદગી ડ્રોપ બોક્ષમાંથી કરો.

3) 'યુનિવર્સીટી' ડ્રોપ બોક્ષમાંથી યુનિવર્સીટીની પસંદગી કરો.

4) 'ઉત્તીર્ણ કર્યાનું વર્ષ/માસ' ડ્રોપ બોક્ષમાંથી માસ અને વર્ષની પસંદગી કરો.

5) 'બેઠક નંબર'માં તમારી પરીક્ષાનો બેઠક નંબર એન્ટર કરો.

6) પ્રયત્નમાં પરીક્ષા કેટલા પ્રયત્નમાં પાસ કરેલ છે તે ડ્રોપ બોક્ષમાંથી સીલેક્ટ કરો.

7) જો PTC - રાજ્ય પરીક્ષા બોર્ડમાંથી પાસ કરેલ હશે તો કુલ ગુણ 1000 આપોઆપ આવી જશે, બીજા કિસ્સામાં કુલ ગુણ જાતે એન્ટર કરો.

8) મેળવેલ ગુણમાં તમે પરીક્ષામાં મેળવેલ ગુણ એન્ટર કરો, ટકા આપોઆપ આવી જશે.

9) કોઈ પરીક્ષામાં એક કરતાં વધુ ડીગ્રી હોય તો જેમાં વધારે ટકા હોય તેની એન્ટ્રી કરવી હિતાવહ છે.

## 2) ઉમેદવારની માહિતી

2.1 Name as per Marksheet: આપોઆપ આવી જશે.

2.2 જાતિઃ પુરુષ અથવા સ્ત્રી સીલેક્ટ કરો.

2.3 તમારું વૈવાહિક સ્ટેટસ સીલેક્ટ કરો.

2.4 કેટેગરીઃ- તમારી કેટેગરી સીલેક્ટ કરો.

2.5 સબ કેટેગરીઃ- જો શારીરિક ખોડખાંપણ હોય તો ટીક કરો અને ટકાવારી એન્ટર કરો, ટકાવારી એન્ટર કર્યા પછી ડ્રોપ બોક્ષમાંથી પ્રકાર સીલેક્ટ કરો.

2.6 વૈવાહિક સ્ટેટસમાં ત્યક્તા સીલેક્ટ કરેલ હોય તો કેટલા વર્ષ અને માસથી ત્યક્તા છે તે એન્ટર કરો.

2.7 વૈવાહિક સ્ટેટસમાં વિધવા સીલેક્ટ કરેલ હોય તો, પુનઃ લગ્ન કરેલ છે કે નહીં તે હા/ના મુજબ જણાવો.

2.8 જન્મતારીખઃ ડ્રોપ બોક્ષમાંથી જન્મતારીખ સીલેક્ટ કરો.

**<u>3) પત્રવ્યવહારનું સરનામું-</u>**

(1) તમારું સરનામું એન્ટર કરો.

- ગામ/શહેરમાં તમારું ગામ અથવા શહેર એન્ટર કરો.
- પિનકોડ માટે તમારો 6 આંકડાનો પિનકોડ એન્ટર કરો.
- જિલ્લાનું નામ ડ્રોપ બોક્ષમાંથી સીલેક્ટ કરો.
- તાલુકાનું નામ ડ્રોપ બોક્ષમાંથી સીલેક્ટ કરો.

(2) ફોન નંબરમાં તમારો ફોન નંબર એન્ટર કરો.

(3) ઈ-મેઇલમાં તમારો ઈ-મેઇલ એડ્રેસ એન્ટર કરો.

(4) રોજગાર વિનીમય કચેરીનું નામ અને નોંધણી ક્રમાંક એન્ટર કરો.

અરજદારે ઉપર મુજબ અરજીપત્રકની કોલમ 1 થી 3 ની વિગતો ઓનલાઈન ભરી Submit બટન પર કલીક કરવું . ત્યારબાદ Yes/No પૂછશે. Yes સીલેક્ટ કરતાં ફોર્મ

સબમીટ તશે અને તમારા અરજીપત્રકનો **<u>Form No</u>** જનરેટ થશે. આ નંબર અલગથી નોંધી રાખવો હિતાવહ છે.

પછી તમે તમારું ભરેલું ફોર્મ જોઈ શકશો, **<u>Print Application form</u>** પર ક્લીક કરી ફોર્મની નકલ મેળવી લો.

(1) જો હાલ પ્રિન્ટ ના લઈ શકતા હો તો પાછળથી પણ પ્રિન્ટ લઈ શકાશે. તે માટે હોમ પેઇજ પર જઇ 'વિદ્યા સહાયક ભરતી'ના મેન્યુમાં 'અરજી પત્રક પ્રિન્ટ' પર ક્લીક કરી ભરેલા ફોર્મનો નંબર આપવાથી ફોર્મની પ્રિન્ટ કરી શકાશે.

ઓનલાઈન **<u>Submit</u>** કરેલ અરજીપત્રકની પ્રિન્ટ નકલ મેળવી તેમા અરજદારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો અને અરજદારની સહી કરવી. આ અરજીપત્રક રાજયના નકકી કરેલ સ્વીકાર કેન્દ્ર પર જમા કરાવો અને ઓરીજનલ ગુણપત્રકો – પ્રમાણપત્રોની ચકાસણી કરાવો. લાગુ પડતી ફી ભરી અરજીપત્રક ભર્યા બદલની પહોંચ સ્વીકાર કેન્દ્ર ખાતેથી અવશ્ય મેળવો જે પહોંચ પ્રવેશ સમયે અવશ્ય રજુ કરવાની રહેશે.

<u>નોંધઃ-</u> પ્રિન્ટ કાઢ્યા પછી હાથથી સુધારા/વધારા કરેલા અરજીપત્રક સ્વીકાર કેન્દ્ર ખાતે સ્વીકારવામાં આવશે નહી. આ કિસ્સામાં આપ ફરીથી ફોર્મ ભરી, પ્રિન્ટ કરી સ્વીકાર કેન્દ્ર પર રજૂ કરવું.